છુટક નકલ રૂા. ૫=૦૦ (Posted & Published on 5th day of Each Month) દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન - એપ્રિલ - ૨૦૧૬

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2015-17 Valid up to 31-12-2017



' ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ '

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કુલ સામે, ફતેહનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન : ૦૭૯-૨૬૬૩૦૪૪૯



આદ્યસ્થાપક

શ્રી બાલમુકુંદ ડી. આચાર્ય
પ્રમુખ ફોન : ૦૭૯-૨૫૪૩૦૨૯૨

શ્રી જશવંતભાઈ એફ. વ્યાસ
ઉપપ્રમુખ મો. ૮૧૨૮૫૩૩૯૫૪

શ્રી જયપ્રકાશ બી. શુક્લ
મંત્રી મો. ૯૮૨૪૪ ૭૯૯૪૪

-: તંત્રી :-
શ્રી નરહરિપ્રસાદ ત્રિ.વ્યાસ
-: સહતંત્રીઓ :-
શ્રી સંદીપકુમાર આર.જોષી
મો. ૯૪૨૮૪ ૮૬૭૫૨
શ્રી જયેશભાઈ કે. ઉપાધ્યાય
મો. ૯૪૨૬૩ ૯૯૦૧૯
શ્રી ધીરજલાલ એન. ભટ્ટ
મો. ૯૯૨૫૨ ૮૪૮૮૩
-: ટ્રસ્ટી મંડળ :-
શ્રી દિલીપકુમાર કે. જોષી
મો. ૯૯૦૯૯ ૬૨૦૨૬
શ્રી સુધાકરભાઈ કે. ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૦૨૧૦૫
શ્રી રાજેન્દ્રભાઈ એમ. મહેતા
મો. ૯૪૨૭૬૬૧૯૮૩
શ્રી પ્રવિણચંદ્ર એચ. પંડ્યા
મો. ૯૪૨૭૨ ૩૯૩૫૧
શ્રી ચેતનકુમાર કે. વ્યાસ
મો. ૯૮૨૪૨ ૮૬૮૯૬
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ એમ. મહેતા
ફોન : ૦૭૯-૨૭૬૮૨૧૮૩
મો. ૯૯૯૮૮૦૪૮૩૮

અંક -૪ વર્ષ - ૬૮
માસ : ચૈત્ર
સંવત - ૨૦૭૨
તા. ૫-૪-૨૦૧૬
વાર્ષિક લવાજમ ફી રૂા.૫૦
આજીવન લવાજમ ફી રૂા. ૨૫૧
છુટક નકલ રૂા. ૫=૦૦

## ચલો વલ્લભીપુર.....

## કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાનો અન્નકૂટ

## ચૈત્ર સુદ આઠમ તા. ૧૪-૪-૨૦૧૬ને ગુરૂવાર

ચૈત્રી નવરાત્રીના પાવન પર્વ દરમ્યાન ચૈત્ર સુદ આઠમ તા. ૧૪-૪-૨૦૧૬ને ગુરુવારે સવારે ૯ થી ૧૨ ક્લાક દરમ્યાન કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીનો અન્નકૂટ યોજેલ છે. જેના દર્શનાર્થે પધારવા સર્વે જ્ઞાતિજનોને મહામંડળ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. અન્નકૂટના દર્શન પછી બપોરે ૧ ક્લાકે ભોજન પ્રસાદમાં સામેલ થવા વિનંતી છે.

સ્વ. રમેશચંદ્ર ભોગીલાલ વ્યાસ, વડોદરાના સ્મરણાર્થે એમના કુટુંબીજનો તરફથી પ્રતિવર્ષ અન્નકૂટ માટે મુખ્ય અનુદાન આપવામાં આવે છે.

ચૈત્રી નવરાત્રીમાં કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના દર્શનનો લ્હાવો લેવા જરૂરથી પધારશો.

લિ.

બાલમુકુંદ આચાર્ય-પ્રમુખ    જશવંતભાઈ વ્યાસ-ઉપપ્રમુખ
જયપ્રકાશ શુકલ, મહામંત્રી    મહેશભાઈ દિક્ષીત-ચેરમેન, મંદિર કમિટી
તથા મહામંડળના કારોબારી સભ્યો

## સંપાદકીય ......

હિન્દુ કાલગણના પ્રમાણે ચૈત્ર સુદ ૧ થી શરૂ થતું શક સંવત ૧૯૩૮ તથા યુગા ૫૧૧૮નું નવું વર્ષ આપને તથા આપના કુટુંબીજનોને સુખદાયી, ફળદાયી તેમજ આરોગ્યમય નિવડે તેવી મા વાઘેશ્વરીને પ્રાર્થના.

વાલમ બ્રાહ્મણ મહામંડળ એ આપણા સમાજનું એક સામાજીક મંડળ છે. સામાજીક મંડળ નો મુખ્ય ઉદ્દેશ સમાજના છેવાડાના જ્ઞાતિબંધુઓથી લઈને દરેક જ્ઞાતિબંધુઓમાં સંગઠનની ભાવના જાગે અને તે દ્વારા આત્મીયતાનો ભાવ જાગૃત થાય, એક વાર આત્મીયતાનો ભાવ જાગૃત થાય પછી ગમે તે પરિસ્થિતિમાં તે જ્ઞાતિહિતની જ વાત કરશે, તેમનામાં અંગાવી ભાવ આવશે. અંગાવી ભાવ એટલે આપણા શરીરના દરેક અંગો એકબીજાના તાલમેલથી ચાલે છે, એટલે કે જો આપણે ચાલતા હોઈએ ત્યારે આંખ જોવાનું કામ કરે છે, રસ્તામાં ખાડો આવે તો તરત જ આપણે રોકાઈ જઈએ છીએ. જો આંખ એમ વિચારે કે જો ખાડામાં પડશે તો પગ ભાંગશે, તેમાં મારે શું ? મને તો કંઈ થવાનું નથી. પરંતુ આંખ આમ નથી વિચારતી તેવી જ રીતે બધા જ અંગોનું છે. આપણા સમાજને આપણે સમાજપુરુષનું સ્વરૂપ માનીએ અને આપણે બધા તેના અંગો છીએ તેમ માનીને ચાલીશું તો તે અંગાવી ભાવ છે.

સમાજના લોકોમાં આત્મીયતાનો ભાવ લાવવા માટે તેમજ અંગાવી ભાવ જાગૃત કરવા માટે વર્ષ દરમ્યાન અલગ અલગ કાર્યક્રમો કરવા પડશે. સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે મંડળ આયોજીક કાર્યક્રમોમાં લગભગ એક જ સ્તરના જ્ઞાતિબંધુ ઉપસ્થિત જોવા મળે છે અને તે ૪૦ વર્ષ અને તેની ઉપર. આ સ્થિતિ બરાબર ક્હી શકાય નહિં. શીશુથી માંડીને વૃદ્ધ - ૮૦,૮૫ વર્ષના બધા જ જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. દા.ત. શીશુ અને વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક કાર્યક્રમ, યુવાનો માટે રમતગમતના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. વિદ્યાર્થીઓ અને યુવાનોને રસ પડે તેવા કાર્યક્રમો રાખવા જોઈએ. આવા કાર્યક્રમો પૈકી ‘‘બાહુબલી’’ કે ‘‘બાજીરાવ મસ્તાની’’ જેવા સીનેમાના શો રાખવામાં પણ મને કોઈ વાંધા જેવું લાગતું નથી. આવા યુવાનોને ગમતા કાર્યક્રમોને કારણે તે જ્ઞાતિ હિતના કાર્યક્રમોમાં રસ લેતા થશે. અને પરિણામે સામાજીક મંડળમાં રસ લેતા થશે. વર્ષમાં બે કે ત્રણ કારોબારીની મિટીંગ બોલાવવી અને વર્ષે કે બે વર્ષે સંમેલન બોલાવવું એટલું પુરતું નથી. ગયા મહિને આદિનાથ યુવક અને સાંસ્કૃતિક મંડળે બહુમુખી એવો કાર્યક્રમ રાખેલ, જેમાં કાર્યક્રમ પુરો કરતાં પહેલાં મને પ્રસંગને અનુરૂપ બે શબ્દો ક્હેવા માટે મોકો આપવામાં આવેલ, તેમાં પણ મેં આ જ વાત કરેલ હતી. નાનું એવું મંડળ હોવા છતાં મોટી સંખ્યામાં બાળકો, યુવાનો અને મોટી ઉંમરના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં, ષષ્ટીપૂર્તિ મહોત્સવ, અમૃત મહોત્સવ, સાકરતુલા, છાત્રાલય માટેના મકાનનું લોકાર્પણ તેમજ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણના કાર્યક્રમો રાખવામાં આવેલ અને છેલ્લે શિવરાત્રી હોવાથી ઉપસ્થિત દરેક્ને ફળાહાર કરાવેલ. અમદાવાદ શહેરના એક વિસ્તાર - આદિનાથનગર પુરતું મર્યાદિત એવું જેને વિભાગીય મંડળ પણ ન ક્હી શકાય તેટલા નાના સ્વરૂપનું મંડળ હોવા છતાં સરસ રીતે એવો કાર્યક્રમ કર્યો તે બદલ આયોજકોને અભિનંદન.

### રાગ : માલકૌંસ - કાલિંગડો ત્રિતાલ
### સહુ નામ હરિનું ઘુંટીલો - રાગ

ભગવાન ભરોસે ચાલે છે, એને સોંપ્યું હાથ જ ઝીલે છે.
આજનો દહાડો ગણું દિવાળી, કાલની વાતો તો કાલે છે
સગા સંબંધી સાથ નિભાવું, શું થાશે ? નહિં ખ્યાલે છે
હરિભજનને ગુણલાં ગાતાં મનડું એમાં મ્હાલે છે
‘પુનીત’ પ્રભુજી હજી ન મળીયાં, એટલું મનમાં સાલે છે.

જીવનમાં દરેક પછડાટ આપણને મજબુત રીતે ઉભરવાની તક પુરી પાડે છે. જો તેને આપણે હકારાત્મક લઈએ તો જગતની અચોક્કસતા અને અકળતા આપણને મુશ્કેલ સ્થિતિ ઉપર જીત મેળવવા ખરેખર રોકે છે. પણ પોતાના બેકાબુ જીવન ઉપર નિયંત્રણ મેળવવું અગત્યનું છે. જો તમે આંતરખોજ કરશો તો દરેક સ્થિતિ જીતની બાજીમાં પરિણમી શકે.

## મહામંડળને મળેલ ભેટ

૧૦૧ દિલીપકુમાર મનસુખરાય ઉપાધ્યાય, લોલાડા, સુપુત્ર ચિ. મિલનના લગ્નપ્રસંગે ભેટ, ૧૫૪૦૯

૧૦૧ રમેશચંદ્ર નટવરલાલ વ્યાસ, કડી, ચિ. સુપુત્રી સ્નેહાના લગ્નપ્રસંગે ભેટ, વા.વ.સ., ૧૫૪૧૦

૫૧ દેવેન્દ્ર કાંતિલાલ પુરોહિત, અમદાવાદ, ચિ. સુપુત્રી કોમલના શ્રીમંત પ્રસંગે ભેટ, ૧૫૪૧૧

૨૦૦૦૦ ભદ્રેશભાઈ કે. પુરોહિત, કરમસદ, છાત્રાલયના બાકી હિસાબ પેટે, ૧૫૪૧૨

૬૧૦૦૦ પ્રકાશભાઈ જમનાશંકર મહેતા, ઓસ્ટ્રેલિયા, શ્રી વાઘેશ્વરી મંદિર, વલ્લભીપુરમાં ક્લરકામ કરાવવા માટે ભેટ, હ. દિલીપભાઈ મહેતા, ૧૫૪૧૩

૧૫૧ મનીષચંદ્ર રમેશચંદ્ર જોષી, ગોંડલ, સ્વ. રમેશચંદ્ર શાંતિલાલ જોષીની સરવણી પ્રસંગે, ૧૫૪૧૪

૧૦૦૧ નિષ્ઠાબેન મનોજકુમાર જોષી, ગાંધીનગર, સ્વ. દમયંતીબેન ભાસ્કરરાય ઠાકરની સરવણી પ્રસંગે, વા.વ.સ., ૧૫૪૧૫

૧૫૧ બીનાબેન જનકભાઈ ઉપાધ્યાય, રાજકોટ, સ્વ. દમયંતીબેન ભાસ્કરરાય ઠાકરની સરવણી પ્રસંગે વા.વ.સ., ૧૫૪૧૬

૨૫૧ જનાર્દનભાઈ શાંતિલાલ જોષી, ગાંધીનગર, તા. ૨૪-૩-૧૬ના રોજ ૮૭ વર્ષ પૂર્ણ કરવાથી કેળવણી ફંડમાં, ૧૫૪૧૭

૧૦૦ તેજશભાઈ જયેશભાઈ ઉપાધ્યાય, અમદાવાદ, પુત્રી ચિ. કેશ્વીના જન્મ પ્રસંગે, વા.વ.સ., ૧૫૪૧૮

૧૦૦૧ નવિનચંદ્ર મહિપતલાલ મહેતા, ગંજેળા, સ્વ. વિપુલ નવિનચંદ્ર મહેતાના તિથીદાન માટે, મહાવદ બીજ, ૧૫૪૧૯

૧૦૧ પ્રવિણચંદ્ર જયંતિલાલ મહેતા, રાજકોટ, ચિ. નિશીથની શૈક્ષણિક મેટર માટે, ૧૫૪૨૦

૧૨૫ શ્રી મધુસુદન બેચરદાસ ઉપાધ્યાય, અમદાવાદ તા. ૪-૪-૧૬ના રોજ જન્મદિન નિમિત્તે કુળદેવી ચરણમાં ભેટ, ૧૫૪૨૧

૧૫૧ શ્રી શૈલેષભાઈ રવિશંકર મહેતા, અમદાવાદ, પુત્ર ચિ. સુરિલને ત્યાં પુત્રી ‘મિશિકા’નો જન્મ થવાથી વા.વ. સહાય, ૧૫૪૨૨

૨૫૧ જિતેન્દ્ર રવિશંકર મહેતા, અમદાવાદ, ૧૫૪૨૩ તા. ૧૦-૩-૧૬ના રોજ જન્મદિન નિમિત્તે કુળદેવી ચરણમાં ભેટ

**માતાજીના મંદિરમાં આવેલ ભેટ તથા વસ્તુની યાદી**
**તા. ૨૪-૨-૧૬ થી ૨૧-૩-૧૬ સુધી**

૫૧૧૦ દિલીપભાઈ ધામેચા, ૨૬૬૩
૧૦૧ વંદનબેન સનતકુમાર અધ્વર્યુ, ૨૬૬૪
૧૦૧ મીનાક્ષીબેન ભુપતરાય અધ્વર્યુ, ૨૬૬૫
૧૫૧ કૌશિકભાઈ જી. આચાર્ય, ૨૬૬૬
૮૬૦૫ મંદિરની દાનપેટીમાંથી નીકળેલી રકમ, ૨૬૬૭
૧૦૧ ભરતભાઈ દુર્ગાપ્રસાદ આચાર્ય, ૨૬૬૮
૧૦૧ પ્રમોદરાય નર્મદાશંકર આચાર્ય, ચિ. આરાધ્યા પૌત્રીના જન્મતિથી નિમિત્તે ભેટ, ૨૬૬૯
૧૦૧ વિરેન્દ્રભાઈ જી. આચાર્ય, ૨૬૭૦
૨૫૦ ધર્મીષ્ઠાબેન હર્ષદરાય અધ્વર્યુ, ૨૬૭૧
૧૧૧ રાજુભાઈ કૃષ્ણકાંત આચાર્ય, ૨૬૭૨
૨૫૦ ઈન્દીરાબેન ઢેબરભાઈ વ્યાસ, ૨૬૭૩
૧૦૧ તેજલબેન નિરવભાઈ ભટ્ટ, ૨૬૭૪
૧૦૧ ઉષ્માબેન આશિષભાઈ પંડ્યા, ૨૬૭૫
૨૫૧ ભાવનાબેન કૌશિકભાઈ પંડ્યા, ૨૬૭૬
૨૫૧ દેવાંગ કૌશિકભાઈ પંડ્યા, ૨૬૭૭
૧૦૦ મનિષાબેન વિશાલભાઈ દેસાઈ, ૨૬૭૮
૧૦૧ તરલાબેન હરિપ્રસાદ પંડ્યા, ૨૬૭૯
૧૦૧ જીજ્ઞાબેન દિપકકુમાર ભટ્ટ, ૨૬૮૦
૧૦૧ અક્ષત દિપક ભટ્ટ તથા આદિત્ય દિપક ભટ્ટ, ૨૬૮૧
૨૦૦ શ્રીમતીબેન કનકભાઈ પંડ્યા, ૨૬૮૨
૫૦૦ ધર્મીષ્ઠાબેન રોહિતભાઈ શુકલ, ૨૬૮૩
૨૭૪૦ વી.આર.ટી.આઈ. મિટીંગ, ૨૬૮૪
૩૦૮૫ હરીભાઈ સોની, ૨૬૮૫
૨૫૧ ભરતભાઈ એલ. અધ્વર્યુ, ૨૬૮૬
૨૫૧ ઉપેન્દ્રભાઈ એલ. અધ્વર્યુ, ૨૬૮૭

૧૦૧ દિવ્યાંગભાઈ એસ. મહેતા, સ્વ. સુરેન્દ્રભાઈ મહેતાની પૂણ્યતિથી નિમીત્તે ભેટ, ૨૬૮૮
૨૪૯૫ હરીઓમ ઓટો પાર્ટસ મિટીંગ, ૨૬૮૯
૧૩૯૦ મહિલા સશકિતકરણ આંગણવાડી મિટીંગ, ૨૬૯૦
૧૦૦ કુસુમબેન દુર્ગાપ્રસાદ આચાર્ય, ૨૬૯૧
૫૦ અરવિંદભાઈ ધીરજલાલ દિક્ષીત, ૨૬૯૨
૫૦૧ જ્યોત્સનાબેન એસ. ભટ્ટ, સ્વ. મૃદુલાબેન એમ. દિક્ષીતના સ્મરણાર્થે અખંડ દિવા માટે, ૨૬૯૩
૫૦ હર્ષદભાઈ પી. દિક્ષીત, ૨૬૯૪
૧૦૦ શારદાબેન બળવંતભાઈ દિક્ષીત, ૨૬૯૫
૧૦૦ વિરેન્દ્રભાઈ જી. આચાર્ય, ૨૬૯૬
૧૦૦ ઋષિભાઈ ભરતભાઈ આચાર્ય, ૨૬૯૭
૧૦૦ કિરીટભાઈ ચીમનલાલ ઉપાધ્યાય, ૨૬૯૮
૧૦૦ ધર્મેશભાઈ આર.મહેતા, અખંડ દિવો, ૨૬૯૯

**સાડી તથા વસ્તુની યાદી**

સાડી ૧ શ્રદ્ધાબેન પી. દિક્ષીત, ૨૫૮૦
સાડી ૧ કલ્પનાબેન યોગેશભાઈ આચાર્ય, ૨૫૮૧
સાડી ૧ ભાવનાબેન કૌશિકભાઈ પંડ્યા, ૨૫૮૨
સાડી ૧ યોગેશભાઈ જમનાશંકર આચાર્ય, ૨૫૮૩

## તિથિદાન

**(ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર વદ અમાસ, ૨૦૭૨ તા. ૮-૪-૨૦૧૬ થી ૭-૫-૨૦૧૬ સુધી)**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

**ચૈત્ર સુદ ૧**
સ્વ. રવિશંકર ભોળાશંકર આચાર્ય
સ્વ. જશુભાઈ ચુનીલાલ શુકલ
સ્વ. દિનકરરાય જટાશંકર ભટ્ટ
સ્વ. વિદ્યાબેન દશરથલાલ દિક્ષીત
સ્વ. દિપકલાલ ઈશ્વરલાલ જોષી

**ચૈત્ર સુદ ૨**
સ્વ. નર્મદાશંકર શીવશંકર દિક્ષીત
સ્વ. ચંદ્રભાગાબેન ગોરધનભાઈ વ્યાસ
સ્વ. કાંતાબેન ડાહ્યાલાલ મહેતા

**ચૈત્ર સુદ ૩**
સ્વ. વિજયાબેન મોહનલાલ વ્યાસ
સ્વ. ગુણવંતરાય દલપતરામ પાણેરી

**ચૈત્ર સુદ ૪**
સ્વ. નાથાલાલ મોહનલાલ જોષી
સ્વ. ભરતકુમાર શરદચંદ્ર પંડ્યા
સ્વ. મુકુંદલાલ નટવરલાલ દિક્ષીત

**ચૈત્ર સુદ ૫**
સ્વ. સરસ્વતીબેન જયંતિલાલ પાઠક
સ્વ. પ્રવિણભાઈ પ્રાણશંકર પાઠક
સ્વ. સૌરભ ચંદ્રકાંતભાઈ ભટ્ટ
સ્વ. નંદકિશોર મણીલાલ ભટ્ટ
સ્વ. પ્રાણશંકર ગીરજાશંકર અધ્વર્યુ

**ચૈત્ર સુદ ૬**
સ્વ. ગૌરીશંકર ભાઈલાલભાઈ વ્યાસ

**ચૈત્ર સુદ ૭**
સ્વ. ભુરાશંકર ભવાનીશંકર મહેતા

**ચૈત્ર સુદ ૮**
સ્વ. પંખુબા મણીશંકર ભટ્ટ
સ્વ. સમજુબા હરગોવિંદદાસ દિક્ષીત
સ્વ. સૂર્યકાંતભાઈ દુર્ગાપ્રસાદ શાસ્ત્રી
સ્વ. રેવાબેન પૂજાલાલ પુરાણી
સ્વ. રૂક્ષ્મણીબેન અંબાશંકર આચાર્ય

**ચૈત્ર સુદ ૯**
સ્વ. હરિપ્રસાદ પંડ્યા
સ્વ. અંબાલાલ પૂજાલાલ પંડ્યા
સ્વ. જશુબેન નવનીતલાલ વ્યાસ
સ્વ. પ્રમોદરાય શીવશંકર આચાર્ય

**ચૈત્ર સુદ ૧૦**
સ્વ. જેશંકર વિશ્વનાથ પંડ્યા
સ્વ. જયંતિલાલ ભો. મહેતા

**ચૈત્ર સુદ ૧૨**
સ્વ. રમણીકલાલ રતિશંકર ભટ્ટ
સ્વ. હિંમતલાલ ભાઈલાલભાઈ પંડ્યા

**ચૈત્ર સુદ ૧૩**
સ્વ. શારદાબેન જનાર્દન ભટ્ટ

સ્વ. જયંતિલાલ ગણપતરામ પુરોહિત

**ચૈત્ર સુદ ૧૪**

સ્વ. નંદનબેન રવિશંકર દિક્ષીત

સ્વ. ચંદ્રભાગાબેન મગનલાલ વ્યાસ

સ્વ. અંબાશંકર કેશવલાલ ભટ્ટ

**ચૈત્ર સુદ ૧૫**

સ્વ. હરગોવિંદદાસ ગરબડદાસ અધ્વર્યુ

સ્વ. નંદુબેન રામશંકર વ્યાસ

સ્વ. મધુબેન હર્ષદરાય આચાર્ય

**ચૈત્ર વદ ૧**

સ્વ. કૃષ્ણદેવ વાસુદેવભાઈ આચાર્ય

સ્વ. રૂક્ષ્મણીબેન ઘેલારામ ભટ્ટ

સ્વ. વિજુબેન જેશંકર પંડ્યા

સ્વ. દિનકરરાય જયાશંકર ભટ્ટ

**ચૈત્ર વદ ૩**

સ્વ. વનિતાબેન મનસુખરામ વ્યાસ

સ્વ. જીવીબા દામોદરદાસ અધ્વર્યુ

સ્વ. કૌશિકભાઈ જયકૃષ્ણભાઈ પંડ્યા

સ્વ. અમરકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ

**ચૈત્ર વદ ૪**

સ્વ. મનસુખલાલ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય

સ્વ. સવિતાબેન ભાઈશંકર ઉપાધ્યાય

સ્વ. વસંતીબેન તરૂણચંદ્ર પુરોહિત

સ્વ. કૌશિકભાઈ જયકૃષ્ણ પંડ્યા

**ચૈત્ર વદ ૫**

સ્વ. સૂર્યાબેન ગજાનનભાઈ ભટ્ટ

સ્વ. ગુણવંતરાય છોટાલાલ આચાર્ય

સ્વ. દિલીપકુમાર જયશંકર ઉપાધ્યાય

સ્વ. દિલીપ ગાયત્રીપ્રસાદ આચાર્ય

**ચૈત્ર વદ ૬**

સ્વ. રામચંદ્ર જીવરામ દિક્ષીત

સ્વ. નર્મદાબેન સોમેશ્વર પંડ્યા

**ચૈત્ર વદ ૭**

સ્વ. પરસોત્તમદાસ ઝવેરદાસ અધ્વર્યુ

સ્વ. અમૃતલાલ ગીરજાશંકર પંડ્યા

સ્વ. મનીષ એમ. પંડ્યા

સ્વ. અવંતિકાબેન હેમંતભાઈ ભટ્ટ

સ્વ. જમનાશંકર હરીશંકર પાઠક

સ્વ. નીલાબેન હેમાંગકુમાર ભટ્ટ

**ચૈત્ર વદ ૯**

સ્વ. હીરાગૌરી ડાહ્યાલાલ આચાર્ય

સ્વ. શાંતાબેન નાગરદાસ ભટ્ટ

સ્વ. મુકતાબેન ચિમનલાલ વ્યાસ

**ચૈત્ર વદ ૧૦**

સ્વ. વસંતભાઈ પ્રભાશંકર જોશી

**ચૈત્ર વદ ૧૧**

સ્વ. સરસ્વતીબેન બાલકૃષ્ણ (પુનીત મહારાજ) ભટ્ટ

સ્વ. પરમાનંદદાસ ગરબડદાસ અધ્વર્યુ

સ્વ. મણીશંકર ગણપતરામ આચાર્ય

**ચૈત્ર વદ ૧૨**

સ્વ. ગજાનનભાઈ અમ્રતલાલ ભટ્ટ

સ્વ. વાસુદેવપ્રસાદ શિવરામ પુરોહિત

સ્વ. રમેશચંદ્ર અંબાશંકર મહેતા

સ્વ. કૃષ્ણકુમાર પ્રાણશંકર જોશી

**ચૈત્ર વદ ૧૩**

સ્વ. આનંદીબેન રામપ્રસાદ વ્યાસ

સ્વ. બળવંતરાય હરગોવિંદદાસ દિક્ષીત

**ચૈત્ર વદ ૧૪**

સ્વ. હરજીવનદાસ મુળજીભાઈ અધ્વર્યુ

સ્વ. સૂર્યાબેન દયાશંકર ઉપાધ્યાય

**ચૈત્ર વદ અમાસ**

સ્વ. ડાહ્યાલાલ ગોવિંદરામ મહેતા

સ્વ. હર્ષદરાય જમનાશંકર પાઠક

સ્વ. રવિશંકર મણીશંકર ઉપાધ્યાય

**જન્મદીન**

૫/૪ નિરાલી જીગરભાઈ વ્યાસ

૧૫/૪ રાજેશ ભાઈલાલભાઈ ગોર

૧૭/૪ હિમાલી કંદર્પ વ્યાસ

૧૮/૪ પ્રિતી જીગર વ્યાસ

ચૈત્ર વદ ૫ ચંદ્રકાંત નર્મદાશંકર આચાર્ય

**લગ્નતિથી**

૬/૫ નટવરલાલ ત્રિભોવનદાસ પુરોહિત

**ચૈત્ર વદ ૮**

સ્વ. ઉષાબેન ભાનુશંકર જોશી

- જયેશ એમ. મહેતા, કાર્યાલય મંત્રી

## તા. ૭-૨-૨૦૧૬, વડોદરા, વાલમ હોલમાં
## ગાયત્રી યજ્ઞ, ટ્રસ્ટી મંડળ તથા કારોબારીની મિટીંગનો અહેવાલ

સવારે ૯.૩૦ ક્લાકે ગુલાબી ઠંડીમાં ગાયત્રી હવનની ગરમા ગરમ ચા અને નાસ્તાથી શરુઆત કરવામાં આવી.

ટ્રસ્ટી મંડળની મીટીંગ સવારે ૧૦.૧૫ ક્લાકે શરુ થઇ, જેમાં પ્રમુખ શ્રી બાલમુકુંદભાઇ આચાર્ય, ટ્રસ્ટીઓમાં (૧) શ્રી સુધાકરભાઇ ભટ્ટ ધંધુકા વિભાગ, (૨) શ્રી રાજુભાઇ મહેતા ચારજથ્થા વિભાગ, (૩) શ્રી દીલીપભાઇ જોષી ચરોતર વિભાગ, મંત્રી શ્રી જયપ્રકાશ શુકલ, સહમંત્રીશ્રી, ભાર્ગવ જોષી, ખજાનચી શ્રી કૌશીકભાઇ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

ગાયત્રી હવનમાં ગાયત્રીમંત્ર સહિત આહુતિ આપવાનો લહાવો ઉપસ્થિત જ્ઞાતિજનોએ લીધેલ. બપોરે ૧.૦૦ ક્લાકે ગાયત્રી હવન પૂર્ણ થથાં સ્વાદીષ્ટ ભોજનની શરૂઆત કરવામાં આવી. ભોજન બાદ બપોરે ૨.૩૦ ક્લાકે કારોબારીની શરૂઆત માયાબેન, જયશ્રીબેન, રેખાબેન તથા ભાવનાબેને ગાયેલ સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સ્વર્ગસ્થ જ્ઞાતિજનોના આત્માની શાંતિ માટે બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. મહામંડળના સહતંત્રી શ્રી અનંતભાઈ અધ્વર્યુ તથા ભૂતપૂર્વ ખજાનચી શ્રી ઉમાકાન્ત ઉપાધ્યાયના અવસાનની વિશેષ નોંધ લેવામાં આવી. ત્યારબાદ ચરોતર વિભાગના શ્રી જશવંતભાઈ દ્વારા સ્વાગત સંબોધન કરવામાં આવ્યું.

ત્યારબાદ ડાયસ પર બેઠેલ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. પ્રમુખશ્રી બાલમુકુંદભાઈ આચાર્યનું સ્વાગત શ્રી નરેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.

મિટીંગમાં તા. ૨૦-૯-૨૦૧૫ની કારોબારી મિટીંગની મિનીટ્સ મંજુર કરવામાં આવી. તંત્રીશ્રી નરહરિપ્રસાદ વ્યાસે વાલમ વર્તમાન અંગે વિગતવાર માહિતી આપી. શ્રી હિતેશભાઈ જી. ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણની વિગત આપવામાં આવી, જેમાં ૧૩૦ વિદ્યાર્થીઓને કરમસદ મુકામે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. મંદિર કમિટીની કામગીરી અંગે શ્રી મહેશભાઈ વતી પ્રમુખશ્રી બાલમુકુંદભાઈ આચાર્ય દ્વારા રજુઆત કરવામાં આવી, જેમાં ક્લર કામનું ટેન્ડર મંજુર કરવામાં આવ્યું. તે પ્રમાણે વર્ક ઓર્ડર આપી કામગીરી શરુ કરાવવામાં આવી. હવે પછી અન્નકૂટ આસો માસને બદલે ચૈત્રી નવરાત્રી દરમ્યાન કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી.

ચર્ચા દરમ્યાન શ્રી સૂર્યકાંતભાઈ પુરોહિતે દરેક બાબતની ચર્ચામાં તેમના સૂચનો અને અભિપ્રાય વ્યકત કર્યા હતા. વલ્લભીપુર મંદિરમાં આવેલ સાડીનું કારોબારીના દરેક સભ્યોને પ્રસાદ રૂપે એક એક સાડી આપવાનું સ્વીકારવામાં આવ્યું.

શ્રી ભદ્રેશભાઈ પુરોહિતે તેમની છાત્રાલયની રકમ પેટે રૂા.૨૦૦૦૦/- નો ચેક પ્રમુખશ્રીને આપેલ છે તથા વાઘેશ્વરી મંદિર, વલ્લભીપુરના કંપાઉન્ડમાં નાખવા માટે ૩૫ બ્રાસ પેવર તેમની ફેકટરીમાંથી આપવાની જાહેરાત કરી હતી, તેની કારોબારીએ સહર્ષ નોંધ લીધેલ.

શ્રી સુરેશભાઈ ભટ્ટ દ્વારા હવનમાં બેસવા માટે ડ્રો પદ્ધતિ કરવા માટે રજૂઆત કરવામાં આવી. ભૂતપૂર્વ પ્રમુખશ્રી ભાઈલાલભાઈ ભટ્ટ દ્વારા તેમના સમયમાં શરુ કરવામાં આવેલ વેબસાઈટ ઉપર હાલમાં કોઈ ધ્યાન આપવામાં આવતું નથી તથા શ્રી ભાવેશભાઈને વેબસાઈટનું ૬ માસનું બીલ બાકી છે તેમ જણાવેલ. હવે પછી વેબસાઈટ કમિટીની મિટીંગ બોલાવી વેબસાઈટ ચાલુ રહે તે માટેની જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ પ્રમુખશ્રી દ્વારા જણાવવામાં આવ્યું.

આગામી બે વર્ષ માટે પ્રમુખ તરીકે ચરોતર વિભાગનો વારો હોઈ શ્રી જશવંતભાઈ વ્યાસનું નામ મંત્રીશ્રી જયપ્રકાશભાઈ શુકલ દ્વારા જણાવતાં ધંધુકા વિભાગ તરફથી શ્રી સુરેશભાઈએ, ચાર જથ્થા વિભાગ તરફથી શ્રી નટવરભાઈએ, સોરઠ વિભાગ તરફથી શ્રી લલિતભાઈ ઉપાધ્યાયે તથા ચરોતર વિભાગ તરફથી શ્રી ક્ર્તિીભાઈ ઉપાધ્યાયે ટેકો જાહેર કરેલ તથા શ્રી જશવંતભાઈ વ્યાસનું સ્વાગત પણ હાર પહેરાવી ઉપર દર્શાવેલ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું.

શ્રી જશવંતભાઈ વ્યાસને પ્રમુખ તરીકે જાહેર કરતાં શ્રી જશવંતભાઈ વ્યાસે બધાનો આભાર માનતાં આશા વ્યકત કરી કે સંત શ્રી પુનિત મહારાજે સ્થાપેલ મહામંડળની પ્રગતિ સર્વે જ્ઞાતિજનોનું સંયુકત ઉત્તરદાયિત્વ છે. મહામંડળનું આગામી સંમેલન વડોદરા મુકામે રાખવાની જાહેરાત કરવામાં આવી.

પ્રમુખશ્રી બાલમુકુંદ આચાર્ય દ્વારા તેમના કાર્યકાળના બે વર્ષ દરમ્યાન દરેક કારોબારી સભ્યોના સાથ સહકાર આપવા બદલ સૌનો આભાર માનવામાં આવ્યો અને મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

સંક્લન : શ્રી ભાર્ગવભાઈ જોષી, સહમંત્રી

## તા. ૭-૨-૨૦૧૬ની ટ્રસ્ટી મંડળની મિટીંગના ઠરાવ

**ઠરાવ - ૧ :** હવે પછી શ્રી વાઘેશ્વરી માતાજી, વલ્લભીપુર ખાતે અન્નકૂટ ચૈત્રી નવરાત્રી દરમ્યાન રજાના દિવસે રાખવાનું નક્કી કરવામાં આવે છે. જેની જાહેરાત અગાઉથી કરવાની રહેશે. અન્નકૂટ અંગે બે વર્ષ બાદ સમીક્ષા કરવામાં આવશે.

**ઠરાવ - ૨ :** દશાબ્દિ મહોત્સવ અંતર્ગત હાલના દરેક કારોબારી સભ્યને શ્રી વાઘેશ્વરી માતાની પ્રસાદીની સાડી આપવાનું નક્કી કરવામાં આવે છે.

**ઠરાવ - ૩ :** મંદિર કમિટીમાં મંજૂર થયેલ ટેન્ડરની શરતો પ્રમાણે શ્રી વાઘેશ્વરી મંદિર સંકુલના ક્લરકામનો વર્ક ઓર્ડર શ્રી દીપકભાઈ એલ. ઉપાધ્યાયને આપવાનું નક્કી કરવામાં આવે છે. જે પેટે એડવાન્સ તથા તબક્કાવાર નાણાં ચૂકવવાની સત્તા પ્રમુખ તથા મંદિર કમિટીના ચેરમેનને આપવામાં આવે છે.

- જયપ્રકાશ શુકલ, મંત્રી

## વડોદરા ખાતેની તા. ૭-૨-૨૦૧૬ની કારોબારી મિટીંગના ઠરાવો

**ઠરાવ - ૧ :** છેલ્લી કારોબારી પછી દિવંગત થયેલ સર્વે જ્ઞાતિજનોને બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવે છે. સહતંત્રી શ્રી અનંતરાય અધ્વર્યુ તથા ભૂતપૂર્વ ખજાનચી શ્રી ઉમાકાન્ત ઉપાધ્યાયના અવસાનની વિશેષ નોંધ લેવામાં આવે છે.

**ઠરાવ - ૨ :** તા. ૨૦-૯-૨૦૧૫ના કારોબારીની મિનીટ્સ મંજૂર કરવામાં આવે છે.

**ઠરાવ - ૩ :** આજરોજ તા. ૭-૨-૧૬ના રોજ સવારે ૧૦ ક્લાકે મળેલ ટ્રસ્ટી મંડળની મીટીંગના ઠરાવો (જે આ સાથે પ્રકાશિત કરેલ છે) કારોબારી સભા સ્વીકારીને મંજૂર કરે છે.

**ઠરાવ - ૪ :** મહામંડળના આગામી પ્રમુખ તરીકે ચરોતર વિભાગના શ્રી જશવંતભાઈ ફુલાશંકર વ્યાસની સર્વાનુમતે વરણી કરવામાં આવે છે.

**ઠરાવ - ૫ :** ચરોતર વિભાગના આમંત્રણ અન્વયે મહામંડળનું આગામી સંમેલન વડોદરા ખાતે રાખવાનું નક્કી કરવામાં આવે છે. સંમેલનની તારીખ હવે પછી નક્કી કરવામાં આવશે.

**ઠરાવ - ૬ :** પ્રમુખ શ્રી બાલમુકુંદ આચાર્યએ તેમના બે વર્ષના કાર્યકાળ દરમ્યાન સાથ આપનાર સર્વે ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યોનો આભાર માન્યો હતો. ટ્રસ્ટી શ્રી સુધાકરભાઈ ભટ્ટે રચનાત્મક નેતૃત્વ પુરું પાડવા બદલ પ્રમુખશ્રી બાલમુકુંદ આચાર્યને વિશેષ અભિનંદન આપેલ જેને કારોબારી સ્વીકૃત કરે છે.

- જયપ્રકાશ શુકલ, મંત્રી

# જ્ઞાતિ સમાચાર

## જન્મ વધામણા

★ મુળ છલાળા, હાલ અમદાવાદ નિવાસી શૈલેષ રવિશંકર મહેતાના સુપુત્ર ચિ. સુરિલ ને ત્યાં માં વાઘેશ્વરીની કૃપાથી તા. ૧૮-૩-૧૬ના રોજ (લક્ષ્મીજી) પુત્રીજન્મ થયેલ છે. પુત્રીનું નામ 'મિશિકા' રાખેલ છે. માતાનું નામ ઈશીતા છે.

★ અમદાવાદ નિવાસી જગદીશભાઈ ચંદુલાલ આચાર્યની સુપુત્રી ચિ. શિવાંગી જેક્મેનભાઈ વ્યાસને ત્યાં તા. ૨૭-૧-૨૦૧૬ના રોજ પુત્રી (કન્યારત્ન)નો જન્મ થયેલ ચિ. પુત્રીનું નામ માર્ગી રાખેલ છે.

## યજ્ઞોપવિત

★ મુળ ધોળી હાળ નિકોલ, અમદાવાદમાં રહેતા શ્રી રમેશચંદ્ર પોપટલાલ જોષીના સુપુત્ર ચિ. ચેતનના પુત્રો ચિ. ધાર્મિક તથા ચિ. શિવમ્ ને તા. ૧૮-૨-૨૦૧૬ના રોજ યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવેલ છે.

## શુભ લગ્ન સમાચાર

★ મુળ રાધનપુર, હાલ પાલનપુર રહેતા શ્રી રાજેન્દ્રકુમાર માનશંકર વ્યાસના સુપુત્ર ચિ. અંકુરના શુભલગ્ન લવાડ, હાલ અમદાવાદ નિવાસી શ્રી જગદીશભાઈ બાબુલાલ ભટ્ટના સુપુત્રી ચિ. યાત્રી સાથે તા. ૪-૨-૨૦૧૬ના રોજ સંપન્ન થયેલ છે.

★ મૂળ વતન દેવા, હાલ સચિન (સુરત) નિવાસી અ.સૌ. સ્મિતાબેન તથા શ્રી તિમીરભાઈ રજનીકાન્ત જોષીની સુપુત્રી ચિ.કૃતિના લગ્ન સુરત નિવાસી ગં.સ્વ. અનસુયાબેન તથા સ્વ. ત્રિભોવનભાઈ કાચાના સુપુત્ર ચિ. મુકેશ સાથે તા. ૧૧-૩-૨૦૧૬ના રોજ થયેલ છે.

## ટ્રસ્ટ મળેલ છે.

પ્રેમીલાબેન કનકભાઈ વ્યાસ તરફથી મહામંડળને માતુશ્રી કમળાબા અંબાલાલ રાવલના નામથી તથા સ્વ. પિતા અંબાલાલ ગણપતરામ રાવલના નામથી મહામંડળને રૂા. ૫૦૦૦/- + રૂા. ૫૦૦૦/- એમ કુલ રૂા. ૧૦૦૦૦/-ના ટ્રસ્ટો આપવામાં આવે છે. તેના વ્યાજની રકમ બહેનોને કે જે નોકરી માટે કે ગૃહ ઉદ્યોગ ના અભ્યાસ માટે આપવી.

- સૂર્યકાંત પુરોહિત

## શતમ્ જીવ શરદઃ

વાલમ બ્રાહ્મણ મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રી જનાર્દન શાંતિલાલ જોષીના તા. ૨૪-૩-૨૦૧૬ (૮૭મા વર્ષ) જન્મદિને શિક્ષણ ફંડ માટે ભેટ રૂા. ૨૫૧/- મળેલ છે. શ્રી જનાર્દનભાઈને ૮૭માં જન્મદિન નિમિત્તે શુભેચ્છા તથા તેમની તંદુરસ્તી સારી રહે તથા મંડળને માર્ગદર્શન આપતા રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

## માતાજીમાં શ્રદ્ધા

મહામંડળમાં ઘણા વખતથી છાત્રાલયના બાકી નાણાં અંગેનો પ્રશ્ન ઉક્લાતો ન હતો. જેનો રૂા. ૨૦૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર) શ્રી ભદ્રેશભાઈ પુરોહિતે આપીને આ પ્રશ્નનો અંત આણેલ છે. હવે આ અંગે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રી ભદ્રેશભાઈએ વલ્લભીપુર મુકામે માતાજીના મંદિરમાં 'પેવર બ્લોક' નાખવા માટે તેઓએ બે ગાડી બ્લોકસ મોક્લેલ છે. અને ખૂટતા બ્લોકસ તેઓ મોક્લી આપશે તેવું તેઓ જણાવે છે. આ તબક્કે ભદ્રેશભાઈ તેમના પત્ની તથા તેમના પુત્રોનો મહામંડળ આભાર માને છે. તેમના કુટુંબીજનો ઉપર હંમેશા માતાજીની કૃપા વરસતી રહે તેવી અભ્યર્થના. બ્લોકસની અંદાજીત રૂા. ૮૦૦૦૦/- જેટલી કિંમતના હશે (આશરે) જે ભેટમાં મળેલ છે. આભાર.

- પ્રમુખ, વા.બ્રા.મહામંડળ

## બહુચરાજી માતાનો હવન

છનીઆર / ઉઘરોજ ઉપમન્યુ ગોત્ર ભટ્ટ પરિવાર ચૈત્ર સુદ ૧૫ના દિવસે બહુચરાજી માતાના હવનનું આયોજન કરતા હોય છે. આ વર્ષે પણ ચૈત્ર સુદ ૧૫ દિનાંક ૨૨-૪-૧૬ના રોજ છનીઆર મુકામે હવનનું આયોજન કરેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા તમામ ભટ્ટ પરિવારના સભ્યોને વિનંતી છે. છનીઆર / ઉઘરોજ ભટ્ટ પરિવારની બહેનો-દિકરીઓને આ શુભ પ્રસંગે હાજર રહેવા વિનંતી છે. હવનના સ્થળેથી વરઘોડો નિક્ળશે. બપોરે ૧૨.૩૯ ક્લાકે શ્રીફળ હોમાશે. ત્યારબાદ પ્રસાદ લઈ આપણે સૌ આપણા રહેઠાણે પરત ફરીશું. આ પ્રસંગે બહેનોને ભેટ આપવામાં આવશે.

- જગદીશભાઈ ભટ્ટ

## જન્મદિન શુભેચ્છા

★ મધુસુદન બેચરદાસ ઉપાધ્યાય, તા. ૪-૪-૧૬, સત્યમનગર, નાગરવેલ હનુમાન, અમદાવાદ.

## પાંગરતી પ્રતિભા
## નિશીથ પ્રવિણચંદ્ર મહેતા



મૂળ ચરોતર - સાવલીના હાલ રાજકોટ રહેતા શ્રી પ્રવિણચંદ્ર જયંતિલાલ મહેતાના સુપુત્ર ચિ. નિશીથે સિદ્ધિઓ પ્રાપ્ત કરી પાંગરતી પ્રતિભાના દર્શન કરાવી દીધા છે. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાં મુખ્ય વિષય અંગ્રેજી લિટરેચર સાથે એસ.વાય.બી.એ.માં અભ્યાસ કરતો ચિ. નિશીથ પાંચ ભાષાઓ પર પ્રભુત્વ ધરાવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં આંતર યુનિવર્સિટી/ કોલેજની વકતૃત્વ સ્પર્ધા પરિસંવાદ, કિવઝ, યુવા સંસદ, સર્જનાત્મક લખાણ, નિબંધ જેવી અગીયાર સ્પર્ધાઓમાં પ્રથમ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરીને સેન્ટ ઝેવિયર્સ આર્ટસ (ઓટોનોમસ યુનિવર્સિટી) કોલેજનો સ્પેશ્યલ પરફોર્મન્સનો પ્રિન્સીપલ પ્રાઈઝ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. ઉલ્લેખનીય છે કે જાણીતી અંગ્રેજી ચેનલ 'ડીસ્કવરી એનીમલ પ્લાનેટ' તથા 'હિસ્ટરી' તરફથી 'ઈંગ્લીશ સ્ક્રીપ્ટ રાઈટીંગ' માટે પણ ચિ. નિશીથ પસંદગી પામેલ છે. ચિ. નિશીથને અભિનંદન સહ શુભેચ્છા.

- જયપ્રકાશ શુકલ, મહામંત્રી

### ગાયત્રી મંત્ર

**રવિન્દ્રનાથ ટાગોર :** ભારત વર્ષને જગાડનારો જે મંત્ર છે તે એટલો સરળ છે કે એક જ શ્વાસે તેનું ઉચ્ચારણ કરી શકાય તે ગાયત્રી મંત્ર છે. આ પવિત્ર મંત્રનો અભ્યાસ કરવામાં કોઈ પણ પ્રકારનો તાર્કિક ઊહાપોહ, મતભેદ અને બખેડાને સ્થાન રહેતું નથી.

**સ્વામી રામકૃષ્ણ પરમહંસ :** લાંબી લાંબી સાધના કરવા કરતા ગાયત્રીની નાની સાધના કરો, તેનાથી આત્મા સિદ્ધિ થશે.

**મહાત્મા ગાંધી :** ગાયત્રી મંત્રનો નિરંતર જાપ રોગીઓને સારા કરવા અને આત્માની ઉન્નતિ માટે ઉપયોગી છે.

## અવસાન નોંધ

★ તા. ૧૩-૩-૧૬ના રોજ વાલમ બ્રાહ્મણ મહામંડળના માજી મંત્રી તથા ખજાનચી શ્રી વસંતભાઈ રામચંદ્ર દિક્ષીતના માતુશ્રી કંચનબેન રામચંદ્ર દિક્ષીતનું દુઃખદ અવસાન થયેલ છે. ભગવાન ભોલેનાથ સદ્‌ગતના આત્માને ચિર શાંતી અર્પે એજ પ્રાર્થના.

★ ગંજેળા : શ્રી નવિનચંદ્ર મહીપતલાલ મહેતાના સુપુત્ર વિપુલકુમાર નવિનચંદ્ર મહેતાનનું ૩૨ વરસની ઉંમરે તા. ૨૪-૦૨-૨૦૧૬ને બુધવાર, મહાવદ-૨, સંવત ૨૦૭૨ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

★ ગોંડલ નિવાસી વા.બ્રા.મહામંડળના ભૂતપૂર્વ કારોબારી સભ્ય સ્વ.રમેશચંદ્ર શાંતિલાલ જોષી (ઉં.વ. ૮૫)નું અવસાન તા. ૧૧-૨-૧૬ના રોજ થયેલ છે. તેઓ શ્રી મનીષ, સત્યેન તથા પ્રકાશના પિતાશ્રી થાય. તથા વા.બ્રા.મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રી જનાર્દન એસ. જોષી, પ્રદ્યુમન તથા ક્ર્તીકુમારના ભાઈ થાય.

★ રાજકોટ નિવાસી વા.બ્રા.મહામંડળના ભૂતપૂર્વ કારોબારી સભ્ય સ્વ.ભાસ્કરરાય પી. ઠાકરના ધર્મપત્નિ ગં.સ્વ. દમયંતીબેન ભાસ્કરરાય ઠાકર (ઉં.વ. ૮૫ વર્ષ)નું અવસાન તા. ૨૪-૨-૨૦૧૬ના રોજ થયેલ છે. તેઓ શ્રી ક્ર્તીબેન, નિતીબેન, હર્ષાબેન, બિનાબેન તથા નિષ્ઠાબેનના માતા તથા શ્રી તનસુખભાઈના ભાભી થાય. રાજકોટ નિવાસી સ્વ. દમયંતીબેન ભાસ્કરરાય ઠાકરની સરવણી (તા.૨૪-૨-૧૬) નિમિત્તે સ્વ.ની પુત્રીઓ ક્ર્તીબેન, નિતીબેન, હર્ષાબેન, બિનાબેન તથા નિષ્ઠાબેન તરફથી સ્વ.ની યાદમાં રૂા. ૧૦૦૧/- ભેટ મળેલ છે.

★ દેવા : રમાબેન અંબાલાલ મહેતાનું અવસાન થયેલ છે.

★ સોજિત્રા : શ્રી પ્રકાશભાઈ પ્રદ્યુમનભાઈ ભટ્ટનું યુવાનવયે અવસાન થયેલ છે.

★ નડિયાદ : ઉત્તરસંડાના શ્રી અનિલભાઈ જગન્નાથ મહેતાનું અવસાન થયેલ છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે.

## તત્ત્વમાં તું, સત્ત્વમાં તું, સત્યમાં તું, અસ્તિત્વમાં તું

વેદમાન્ય એક વિધાન છે કે આજની ઉજ્જૈન નગરી એ વેદયુગની શિવનગરી છે. આ નગરીનો એરીયલ વ્યુ ફોટોગ્રાફ ૐ આકારનો છે. ઉજ્જૈનની ભૌગોલિક રચના ૐ આકારની હોવાથી જ જાણે કે અહીંના નાના મોટા પ્રત્યેક શિવમંદિરોમાં સતત ને સતત ૐકારનો નાદ ગૂંજતો રહે છે.

દક્ષિણ ભારતના ગીતાભાષ્યકાર કમલા સુબ્રમણ્યમ એવું કહે છે કે પૂરા ભારતવર્ષમાં બીજે ક્યાંય નહીને ઉજ્જૈનમાં જ સાંદિપની ઋષિએ પોતાનો વિદ્યાશ્રમ શરુ કરવાનું કેમ વિચાર્યું હશે ? ખૂબ જ રીસર્ચ વર્ક કર્યા પછી લેખીકા કહે છે કે આજ એક એવું સ્થળ હતું જ્યાં ભૂતળમાં સરસ્વતી નદીનો અદ્રશ્ય પ્રવાહ મથુરા, ઉજ્જૈન અને વડનગરને એક સાથે સાંક્ળતો હતો વળી કાળના ય કાળ એવા મહાકાળેશ્વરનું શિવાલય અત્રે ઉજ્જૈનમાં જ હોવાથી સાંદિપની ઋષિએ 'હરિ અને હર'નું પવિત્ર મિલન થાય એ હેતુથી જ પોતાનો વિદ્યાશ્રમ માટે ઉજ્જૈન પસંદ કરેલું.

ભૂતળમાં વહેતા સરસ્વતીના અદ્રશ્ય પ્રવાહને ધારણ કરવા માટે ખુદ મહાદેવે વિષ્ણુ ભગવાનને આજ્ઞા કરી ત્યારે વિષ્ણુજીએ વિસ્મયકારી સ્મિત કરતાં કહ્યું કે હે શિવ, આપ તો કલ્યાણકારી છો, આપે આજ્ઞા નહીં આદેશ કરવાનો હોય, બોલો શું આદેશ છે ? ત્યારે શિવજીએ કહ્યું કે જેમ મેં ગંગાને ધારણ કરી છે, તેમ તમારે સરસ્વતીને ધારણ કરવાની છે. શિવજીનો આદેશ શિરોમાન્ય ગણીને ભગવાન વિષ્ણુએ કૃષ્ણાવતારમાં મોરપિચ્છને પોતાના મસ્તક પર ધારણ કરી સાચા અર્થમાં સરસ્વતીને ધારણ કરી લીધા. કેટલાક સંશોધકોનું માનવું એવું છે કે વેદકાળમાં જ્યારે ભગવાન વેદવ્યાસે ગણપતિ પાસે સૃષ્ટિનું સર્વપ્રથમ લેખન સર્જન કરાવ્યું ત્યારે કલમ તરીકે એમણે ગણપતિને મોરપિચ્છ આપેલું. બસ, ત્યારથી વિષ્ણુ ભગવાને કૃષ્ણ અવતારમાં સરસ્વતીને મોરપિચ્છના રૂપે મસ્તક ઉપર ધારણ કરી અને સરસ્વતીની વહેતી અદ્રશ્ય સરવણીને પોતાની વાણીમાં વહેતી કરી લીધી. આનો અર્થ એ થયો કે કૃષ્ણનો તો માત્ર અવાજ છે. કૃષ્ણના અવાજની ફ્રેમમાં શબ્દાર્થના રંગે રંગાયેલી જ્ઞાનવાણીનું ચિત્ર તો સરસ્વતીજીનું ખૂદનું જ છે. ટૂંકમાં એમ કહી શકાય કે ભગવતગીતા એટલે કૃષ્ણની વાણીમાં વહેતી સરસ્વતીની સરવણી.

શ્વેતાશ્વર ઉપનિષદમાં કહ્યું છે કે, 'માયા તુ પ્રકૃતિં વિદ્યાન્યાયિનં તુ મહેશ્વરમ્' એટલે કે માયાને તો મહેશ્વરની શકિતરૂપા 'પ્રકૃતિ' તરીકે સમજવી જોઈએ. ઉજ્જૈનને ચિરકાલ પવિત્રતા અને સાત્વીકતાનું વરદાન આપી રહેલી ક્ષિપ્રા નદી એજ આ શકિતરૂપા પ્રકૃતિ છે. જ્યાં મહેશ્વર અને યોગેશ્વરનું એકબીજામાં એકબીજાનું દર્શન થાય છે. 'નાશક અને પોષક' નું સંમિલન આજ નગરીમાં શક્ય હતું એટલે કે અજ્ઞાનના અંધારાનો નાશ કરવા અને જ્ઞાનના અજવાળાનું પોષણ કરવા સાંદિપની ઋષિએ ક્ષિપ્રા નદીનો કિનારો જ પસંદ કર્યો કે જ્યાં સાવ મર્યાદિત સમયમાં જ મર્યાદિત વિદ્યાદાન અને વિદ્યાગ્રહણ બંને કરી શકાય. મહાભારતમાં વ્યાસ પર્વમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે સાંદિપની ઋષિએ પોતાના વિદ્યાશ્રમમાં બાલમુકુંદ સહિત સૌ જ્ઞાનાર્થિઓને જે પહેલો વિદ્યામંત્ર ભણાવ્યો તે ઋગ્વેદનો આ મંત્ર હતો,

ૐ વિશ્વાની દેવ તવિતર્દુરિતાનિ સરાસુખ યદ્ ભદ્રં તં ન આસુવ ॥

એટલે કે જગતનું સર્જન કરનાર હે દેવ ! જગતમાં જે કંઈ ભદ્ર હોય, શુભ હોય તે અમને પ્રાપ્ત થાઓ અને જે અશુભ હોય તેનાથી અમારી રક્ષા કરો આ વિદ્યામંત્રથી સાંદિપની ઋષિએ પોતાનું ગુરૂ કર્મ શરુ કરી એક અપૂર્વ એવો ગુરુકર્મ નિભાવ્યો. સાંદિપની ઋષિએ પોતાનું ગુરુતત્ત્વ પ્રગટાવી કૃષ્ણમાં શિષ્યત્વ પ્રગટાવવાનું જે વિદ્યાકર્મ કર્યું એમાં ભગવાન વેદવ્યાસનું અધ્વૈવનું દર્શન કરાવે છે. વ્યાસ ભગવાનના જીવન દર્શનની પારદર્શીતાને કારણે

એમણે જ સાંદિપની ઋષિ કૃષ્ણને વ્યવહારીકતા અને આધ્યાત્મિક્તાનું અધ્વૈતરૂપ સમાવ્યું. કોઈને પણ કુતુહલ થાય કે કૃષ્ણ ભગવાનના ગુરુ તરીકે સાંદિપની જ કેમ બીજી કોઈ વ્યકિત કેમ નહિં ? ! તો આવા કુતુહલનું નિરાકરણ આપણને છાદોટ્ય ઉપનિષદમાં ૧૨માં અધ્યાયમાં ચોથા શ્લોક્માં જોવા મળે છે. એક વિધાન છે. 'આદ્યુષ પુરુષ' એટલે કે પુરુષની દ્રષ્ટિ જ ચક્ષુરૂપ છે. એજ પુરુષ દ્રષ્ટિદાન કરી શકે આ અર્થમાં સાંદિપનીએ 'ચાક્ષુષ પુરુષ' ક્હેવાય છે. શિષ્યને મૂળ તો પૂર્ણપુરુષોત્તમ રૂપે આવ્યા છે એમના ગુરુ તરીકે તો આવા 'ચાક્ષુષ પુરુષ' જ હોય ને. ખરેખર તો વિષ્ણુ ભગવાન સાંદિપની ઋષિ રૂપે ગુરુકર્મ નિભાવે છે અને એ જ વિષ્ણુ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ થઈ કૃષ્ણરૂપે શિષ્યધર્મ પાળે છે અને બંને વચ્ચે જે સરસ્વતીની સરવણી વહે છે એમાં જ ઉજ્જૈનના પર્યાવરણને નિષ્ક્લંક રાખે છે.

વિષ્ણુ ભગવાને રામાઅવતારમાં રામ બનીને વસિષ્ઠ ગુરુ પાસે વિદ્યાસંપાદન કરેલી એ જ વસિષ્ઠ ઋષિ કૃષ્ણાવતારમાં સાંદિપની ઋષિ બને છે એટલે કે ગુરુ શિષ્યનો સંબંધ ગુણાનુબંધ બને થી યે પર એવો અવિનાભાવિ હોય છે એ સત્યને સ્વયં કૃષ્ણ ભગવાન ઉજાગર કરે છે. કદાચ એટલે જ નરસિંહ મહેતાએ ગાયું હશે કે 'બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે.'



સાંદિપની ઋષિએ કૃષ્ણ ભગવાન પાસે સંકલ્પ લેવડાવ્યો હતો કે તમે ગુરુના નામે ઓળખાવો નહિ કેમ કે તેમ કરવાથી ગુરુનું સ્થાન રહેતું નથી અને તે મૃત્યુ સમાન પીડા આપે છે. જીવનપર્યન્ત આ રહસ્ય શ્રી યોગેશ્વર કૃષ્ણે પાળી બતાવ્યું જે આજે પણ આપણને અનુભૂતિ થાય છે કે ભગવાન ના ગુરુ ?

વાલમ જ્ઞાતિના ગૌરવ સમા ડૉ. અશ્વિનભાઈ બાલમુકુન્દ દિક્ષીતે શરુ કરેલી યજ્ઞ પરંપરાનો ચૌદમો અને ઉજ્જૈનમાં સાંદિપની આશ્રમ ખાતે વિશ્વનો પ્રથમ વિષ્ણુચક્ર કરાવી પોતાના પુત્ર અને પુત્રવધુ ચિ. સુહદ તથા ચિ.સ્મૃતિના પુત્ર ચિ. મહર્ષ દિક્ષીતના જન્મદિવસે સાત્વીક અને જ્ઞાતિજનો સાથે પ્રસન્નતાથી ઉજવણી કરી. આ પ્રસંગ સદાય માટે ચીરસ્મરણીય રહેશે.

- હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

**આદ્યશક્તિ વેલ્યુઅર**

**હરેન્દ્ર વિ. ભટ્ટ** મો. ૯૪૨૬૪ ૩૬૩૪૪, ૯૪૨૮૬ ૧૨૫૪૩

બી.ઈ. (સિવિલ) (રીટા. ડે.એક્ઝીક્યુટીવ એન્જી., સિંચાઈ ખાતું, ગુજરાત રાજ્ય) એન્ડ ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ વેલ્યુઅર.

૫, ત્રિલોક રો હાઉસીસ, પારમેશ્વર મહાદેવ તથા સ્વ.ભાસ્કરરાય પંડ્યા મ્યુ.કોમ્યુ. હોલ સામે, ચાણક્ય ટાવર સામે, ઓફ સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪.

બીનખેતીની જમીન તથા મકાન માટેના વેલ્યુએશન તથા સિવિલ બાંધકામને લગતી તમામ કામગીરી માટે સંપર્ક કરો.

**વાલમ બંધુઓને ખાસ કન્સેશન**

## વા.બ્રા.કે. અને સો. મંડળ સંચાલિત સ્વ. ભગવતીબેન ડી. ઉપાધ્યાય છાત્રાલય

અમદાવાદ ઓઢવ ખાતે વાલમ બ્રા.કેળવણી અને સાંસ્કૃતિક મંડળના મકાનમાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલય ચાલુ કરવા છાત્રાલયનાં લાભાર્થે અમૃત મહોત્સવ શ્રી મુકુંદભાઈ એમ.ભટ્ટ તથા શ્રી મનુભાઈ પી.મહેતાના યજમાનપદે ષષ્ટીપૂર્તિ શ્રી અશ્વિનભાઈ બી.દિક્ષીતના યજમાનપદે તેમજ માતાજીનો હવન સાથે રૂદ્રાભિષેક્નો ભવ્ય કાર્યક્રમ તા. ૭-૩-૨૦૧૬ મહાશિવરાત્રિના શુભદિવસે રાખવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ સી. ભટ્ટ (કેનેડા), અતિથી વિશેષ શ્રી મહેન્દ્રભાઈ મહેતા, શ્રી હેમંતભાઈ પંડ્યા, શ્રી નટુભાઈ ભટ્ટ, શ્રી વિરેન્દ્રભાઈ મહેતા, સમારંભના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ પી. મહેતા અને સ્વાગત પ્રમુખ શ્રી રાજુભાઈ મહેતા, સર્વે મહાનુભાવોએ હાજર રહી સમાજલક્ષી પ્રવચન આપેલ. વિશીષ્ટ મહેમાનનમાં શ્રી દિપક્ભાઈ વ્યાસ (ડીવાયએસપી), રસીલાબેન પંડ્યા અને જાગૃતિબેન મહેતા, વાલમ વર્તમાનના તંત્રી શ્રી નરહરીભાઈ વ્યાસ હાજર રહેલ તથા મહામંડળના પ્રમુખશ્રી બાલમુકુંદભાઈ આચાર્ય તથા માજી મંત્રીશ્રી કિરીટભાઈ ઉપાધ્યાયે ફોન પર શુભેચ્છા પાઠવેલ.

આ કાર્યક્રમમાં ગાયત્રી પરિવાર (યુ.કે.) શ્રી ક્નક્ભાઈ ડી. વ્યાસના પ્રતિનીધી શ્રી સૂર્યકાંતભાઈ ટી. પુરોહિત (મુક્સેવક)ને સાકરતુલાથી બહુમાન ક્રવામાં આવેલ. ખાસ નોંધનીય બાબત કે વાલમ બ્રા.સમાજમાં સાકરતુલા બહુમાન ક્રવાનો આ પ્રથમ પ્રસંગ હતો. હાજર રહેલ સર્વે મહાનુભાવો તેમજ આશરે ૪૦૦ થી વધુ જ્ઞાતિજનોનો એક જ અવાજ હતો કે યોગ્ય વ્યકિતને આવું સુંદર બહુમાન થયેલ છે.

સમગ્ર કાર્યક્રમ છાત્રાલયના લાભાર્થે હોઈ છાત્રાલયમાં જરૂરી ચીજવસ્તુઓ સમાજના મહાનુભાવો દ્વારા મંડળને ભેટ આપેલ. શ્રી ક્નક્ભાઈ ડી. વ્યાસ, ગાયત્રી પરિવાર તરફથી એક નંગ પલંગ તથા એક નંગ નાની તિજોરી, શ્રી રાજુભાઈ એમ. મહેતા તરફથી ત્રણ નંગ સીલીંગ ફેન, શ્રી મહેન્દ્રભાઈ બી. મહેતા તરફથી એક નંગ પલંગ, શ્રી નટુભાઈ એ. ભટ્ટ તરફથી એક નંગ પલંગ, શ્રી હેમંતભાઈ એસ. પંડ્યા તરફથી એક નંગ પલંગ, સ્વ. ભરતભાઈ ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી ચિરાગભાઈ બી. ભટ્ટ તરફથી એક નંગ પલંગ, ચંદનબેન ઈશ્વરભાઈ મહેતા તરફથી એક નંગ પલંગ, દિપાબેન રમેશભાઈ મહેતા તરફથી એક નંગ પલંગ, શ્રી રાજુભાઈ એન. ભટ્ટ તરફથી સીન્ટેક્ષ પાણીની ટાંકી, શ્રી હિતેશભાઈ જી. ભટ્ટ તરફથી સાત નંગ ગાદલા, શ્રી ક્મલેશભાઈ કે. જોષી તરફથી સાત નંગ ચાદર. આમ કુલ સાત પથારીનું છાત્રાલય શરુ ક્રવા સર્વે ચીજવસ્તુઓ ઉપરોક્ત મહાનુભાવો તરફથી મંડળને ભેટ આપવામાં આવેલ. કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીની કૃપાથી કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે ઉજવાયેલ, અમૃત મહોત્સવ તેમજ ષષ્ટીપૂર્તિના કાર્યક્રમમાં ધોરણ ૮ થી ઉપર અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં હાજર હતા તે સર્વે વિદ્યાર્થીઓને એક પેન, ડાયરી તથા પ્લાસ્ટીક ફોલ્ડર બેગ શ્રી રમેશભાઈ એમ. મહેતા તરફથી આપવામાં આવેલ. તેમજ હાજર રહેલ સર્વે જ્ઞાતિજનોને એક રૂપિયો નંબરના સ્ટીકર ચોંટાડી મંડળ તરફથી દક્ષિણારૂપે આપવામાં આવેલ. ત્યારબાદ સ્ટીક્રવાળા નંબરના કુલ ૭ ઈનામી ડ્રો ક્રવામાં આવેલ, સર્વે જ્ઞાતિજનો ખુશખુશાલ હતા.

જોગાનુજોગ આ દિવસે શ્રી ભાઈલાલભાઈ એન. ભટ્ટનો જન્મદિવસ હોઈ તેઓના પુત્ર ડૉ.ધૈર્યકુમાર બી. ભટ્ટ તરફથી આઈસ્ક્રીમનું આયોજન રાખવામાં આવેલ. શ્રી અલ્કેશભાઈ જોષીએ આકર્ષક ફોટો ભેટ આપી સર્વે જ્ઞાતિજનો વતી ભાઈલાલભાઈને જન્મદીનની શુભેચ્છા પાઠવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાઈલાલભાઈ ભટ્ટ, હિતેશભાઈ ભટ્ટ તેમજ મંડળના સર્વે કાર્યક્ર્તાઓ દ્વારા થયેલ.

અમદાવાદમાં છાત્રાલય એટલે પુનીત મહારાજનું અધુરૂં સ્વપ્ન આદીનાથનગર ઓઢવના સર્વે કાર્યકર્તાઓ દ્વારા પુરું ક્રવામાં આવેલ છે. આપ સૌનો સહકાર મળે એવી અપેક્ષા.

- અહેવાલ : ભાઈલાલભાઈ એન. ભટ્ટ, માજી પ્રમુખ, મહામંડળ

### વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત

વાલમ વર્તમાનમાં દર માસે વિનામૂલ્યે લગ્નવિષયક જાહેરાત આપવામાં આવશે તો લગ્ન ઉત્સુક જ્ઞાતિજનોએ નીચેના કોલમ પ્રમાણે જ માહિતી મોકલવી. તે પ્રમાણે નહીં હોય તો તે માહિતી પ્રસિદ્ધ કરવામાં નહીં આવે. વિનામૂલ્યે આ યોજનાનો લાભ લેવા વિનંતી.

### લગ્ન ઉત્સુક યાદી

૧. રાજેશ ચંદ્રકાન્ત ભટ્ટ, સરનામું : મુ.મુળી, તાલુકો મુળી, જીલ્લો સુરેન્દ્રનગર, જન્મ તા. ૨૭-૯-૮૪, ઉંચાઈ ૫'૬'', વજન ૬૦ કિ., અભ્યાસ : નોનમેટ્રીક, વેપાર તથા કર્મકાંડ, માંડવરાય મંદિરમાં વહીવટકર્તા, ૧ ભાઈ ૧ બહેન

૨. પિયુષ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૯૦૪૫૬૮૨૫૦, જન્મ તા. ૨૯-૫-૮૫, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫' ૭'', અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ : માસિક આવક રૂા. ૧૦૫૫૦/-, ૧ ભાઈ

૩. ચિરાગ કે. વ્યાસ, ચાંદલોડીયા, અમદાવાદ, મો. ૯૭૨૬૯૫૩૯૧૦, જન્મ તા. ૧૨-૫-૮૮, જન્મ સ્થળ : દેકાવાડા, ઉંચાઈ ૫'૬'', અભ્યાસ ધો. ૧૦ પાસ, સર્વિસ માસિક આવક રૂા. ૧૦૦૦૦/-, ૧ ભાઈ

૪. ભટ્ટ ઉમંગ ભરતભાઈ (છનીયારવાળા), સરનામું : ૩૪, સ્નેહકુંજ સોસાયટી, ઈસનપુર, અમદાવાદ. મો. ૯૯૦૪૮૯૮૩૪૪, ૯૭૧૪૧૩૬૩૬૩, જન્મ તા. ૧૮-૧૦-૧૯૮૯, અભ્યાસ : એમ.એ. (સંસ્કૃત), વ્યવસાય : મેડીકલ સ્ટોર

૫. રચિત ગોપાલભાઈ પંડ્યા, સરનામું : ૧૫૧૨, કાશીબાની ખડકી, મામુનાયકની પોળ, કાલુપુર, અમદાવાદ-૧, મો. ૯૭૨૪૭૨૨૩૧૧, ૯૩૨૮૨૫૭૦૨૫, જન્મ તા. ૫-૭-૧૯૮૭, ઉંચાઈ ૫' ૧'', ઈમીટેશન જ્વેલરીનો વ્યવસાય, વાર્ષિક આવક રૂા. ૯૬૦૦૦/-

૬. જીગ્નેશ જી. જોષી, સરનામું : ભાવના એચ. ઉપાધ્યાય, સહજાનંદનગર, બીલવાડી શેરી, તુલસી મકાન સામે, ગોંડલ, મો. ૯૪૨૮૦૬૧૪૬૦, જન્મ તા. ૧૭-૯-૧૯૮૩, ઉંચાઈ ૫' ૮'', અભ્યાસ : બી.કોમ., એલ.એલ.બી., સર્વિસ - હીરોહોન્ડા શોરૂમ, માસિક આવક રૂા. ૭૫૦૦/-

૭. ભૌમિક દીપકભાઈ અધ્વર્યુ, સરનામું : પુનિત પોળ, બહુચરાજીના મંદિર પાસે, સરખેજ ગામ, જી. અમદાવાદ, મો. ૮૬૭૩૮૯૬૭૪૫, જન્મ તા. ૨૫-૯-૧૯૮૨, અભ્યાસ ધો. ૧૦, સર્વિસ માસિક આવક રૂા. ૫૦૦૦/-

૮. કિરણકુમાર ઉષાકાન્ત પંડ્યા, સરનામું : ઠે. ખારીકૂઈ પાસે, મુ.પો. તા. સાવલી, જિ. વડોદરા-૩૯૧૭૭૦. ફોન : ૦૨૬૬૭-૨૨૨૭૦૪, મો. ૯૭૨૩૩૭૯૫૩૮, જ.તા. ૩-૧૨-૧૯૯૦, જન્મ સ્થળ : નડીયાદ, ઉંચાઈ ૫' ૭'', વજન ૬૦ કિ., ગોત્ર આત્રિ, અભ્યાસ : ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમી. એન્જી., સર્વિસ : જામનગર એસ્સાર, મા.આવક રૂા. ૩૫૦૦૦/-૧ ભાઈ

૯. જયદેવ દિવાનભાઈ ઠાકર, સરનામું : 'મારુતિ' અક્ષરધામ સોસાયટી, શેરી નં. ૫, બ્લોક નં. ૬૪, મો. ૯૭૨૪૧૪૮૭૯૬, જન્મ તા. ૧૯-૧-૧૯૮૮, ગોત્ર કૌશિક, અભ્યાસ ધો. ૧૨ પાસ, કોલેજ ચાલુ, પ્રાઈવેટ જોબ, ૧ ભાઈ, ૧ બહેન અપરિણિત

૧૦. હિકેન ભરતભાઈ વ્યાસ, સરનામું : ૯૯૯૯, મુખ્ય બજાર, રામજી મંદિર પાસે, મુ. નવા નાવડા, તા. બળવાળા, જી. અમદાવાદ. સંપર્ક : ધીરુભાઈ એન. ભટ્ટ, મો. ૯૯૨૫૨૮૪૦૮૩, જન્મ તા. :૧૧-૫-૧૯૮૯, રાત્રે ૧૦.૪૫, સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૫'', વજન ૬૦ કિ., અભ્યાસ : એસ.એસ.સી., ધંધો કરિયાણાની દુકાન, વા.આ. ૨૫૦૦૦/-

૧૧. રાધિકા નરેશકુમાર જોષી, સરનામું : બી ૧/૧૬, સરકારી વસાહત, હિમાલય મો સામે, વસ્ત્રાપુર, અમદાવાદ. મો. ૯૪૨૭૨૧૪૮૫૨, જન્મ તા. ૮-૪-૮૫, રાત્રે ૦૦.૩૫, જન્મ સ્થળ : અમદાવાદ, ઉંચાઈ ૫'૨'', વજન : ૬૦ કિ., અભ્યાસ : ડિપ્લોમા સીવીલ માસ્ટર ઈન પરફોર્મિંગ આર્ટસ, નોકરી - ગવર્નમેન્ટ સર્વન્ટ, ટાઉન પ્લાનીંગ, અમદાવાદ, પગાર ૧૩૫૦૦/-, ભાઈ ૧ નાનો, બહેન નથી.

૧૨. રક્ષિત પ્રકાશભાઈ પંડ્યા, સરનામું : રામજી મંદિર પાસે, તા. બરવાળા, (ઘેલાશાહ), જિ. અમદાવાદ-૩૮૨૪૪૫. ફોન : ૦૨૭૧૧-૨૩૭૧૦૪, જન્મ તા. ૨૮-૬-૮૫, સાંજે ૮-૨૫, ગોત્ર - અંગીરસ, ઉંચાઈ ૫'૦'', વજન ૫૦ કિલો, વાન ઘઉંવર્ણ, કાલા-કપાસ-અનાજનો વેપાર, આવક વાર્ષિક ૨ લાખ રૂા., ૧ બહેન પરણિત

૧૩. અર્જુનભાઈ જયંતિભાઈ પુરોહિત, સરનામું : ૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કલોલ રોડ, કડી-૩૮૨૭૧૫. મહેસાણા. મો. ૮૦૦૦૨૨૧૩૧૬, જન્મ તા. ૨-૪-૧૯૯૦, ગોત્ર કૌશિક, ઉંચાઈ ૬'૫'', વજન ૬૫ કિલો, અભ્યાસ : એમ.કોમ., સર્વિસઃ એકાઉન્ટ એન્ડ સેલ્સ ઓફિસર, પગાર માસિક રૂા. ૬૦૦૦/- ૧ બહેન પરણિત

૧૪. મિલિન્દ ભાનુપ્રસાદ ઉપાધ્યાય, સરનામું, ભાનુ સ્ટોર્સ, બુધવારી બજાર, સીઓની-૪૮૦૬૬૧ (મધ્યપ્રદેશ). મો. ૦૯૪૨૫૧૭૪૯૭૧, જન્મ તા. : ૨૨-૧૦-૮૧, ગોત્ર - આત્રી, ઉંચાઈ ૫'૧૦'', અભ્યાસ : બી.ઈ. (કોમ્પ.એન્ડ એન્જી.), એમ.બી.એ., ૨ બહેન પરણિત

૧૫. આરતી રમેશચંદ્ર વ્યાસ, સરનામું : 'શિવશક્તિ' ૪, લક્ષ્મીનગર, નાનમોવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪., મો. ૦૯૪૨૯૦૯૬૫૦૭ (રમેશચંદ્ર કિ.વ્યાસ), જન્મ તા. ૭-૧-૧૯૯૦, સવારે ૯.૦૭ મિનીટ, અભ્યાસ- બી.કોમ.,પી.જી. ડી.સી.એ., એમ.એસ.સી. આઈ.ટી. અને સી.એ. (માસ્ટર ડિગ્રી), હાલ રાજકોટ મ્યુ.કોર્પો.સંચાલિત શાળામાં કોમ્પ્યુટર કો.ઓર્ડીનેટર તરીકે (કોન્ટ્રાક્ટ બેઈઝ) ફરજ બજાવે છે.

૧૬. કુ. કુણાલી ક્ર્તીકુમાર પંડ્યા, જ.તા. ૦૮-૦૭-૧૯૯૪, જન્મ સમય : સવારે ૧૦ ક્લાકે, જન્મ સ્થળ : અમદાવાદ, ગોત્ર : કૃષ્નાર્થ, ઉંચાઈ ૫'૨'', વજન ૫૦ ક્લિો, અભ્યાસ એમ.કોમ. પાર્ટ ટુ, તથા સી.એ.નો અભ્યાસ ચાલુ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં નોકરી, બે નાના ભાઈ, સંપર્ક : ૯૪૨૯૯ ૦૫૪૦૦, સરનામું : ૧૦૨/૧૨૯૬, ઉદય એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલીફોન એક્સચેન્જ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.

૧૭. શાસ્ત્રી સતિષકુમાર નરેન્દ્રપ્રસાદ વ્યાસ, જ.તા. ૭-૮-૧૯૯૦, ધો. ૧૨ પાસ, વ્યવસાય : શાસ્ત્રી (કર્મકાંડ), માસિક આવક રૂા. ૨૦૦૦૦/-. સરનામું : મુ.પો. ઉંછા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા, સંપર્ક : નરેન્દ્રકુમાર અંબાલાલ વ્યાસ, મો. ૯૭૨૪૬૩૨૪૫૩. ફોન : ૦૨૭૭૦-૨૩૦૦૬૭

૧૮. હિરેન ભરતભાઈ ઉપાધ્યાય, જ.તા. ૨૮-૮-૧૯૮૯, ગોત્ર - ભારદ્વાજ, વજન ૬૨ કિ.ગ્રા., ઉંચાઈ-૫'૮'', અભ્યાસ - એમ.કોમ., નોકરી - પ્રસાદ ગ્રુપ ઓફ કંપની, વટવા, માસિક આવક - રૂા. ૨૧૦૦૦/-, ભાઈ -૧ મોટો પરણિત, બહેન નથી, સરનામું : ૧૪/૩૨૪, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદ. મો. ૮૭૫૮૬૬૮૨૯૩ (પિતા-ભરતભાઈ), ૯૪૨૯૦૬૪૧૭૨ (માતા-સરોજબેન ભરતભાઈ)

૧૯. જોષી નિકુંજ અરવિંદભાઈ, અભ્યાસ -એમ.એ-ટુ - નોકરી - આચાર્ય, સરનામું : અરવિંદભાઈ નરભેરામ જોષી, મુ. ગાજણવાવ, પો. રાજસીતાપુર, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર

૨૦. નિર્મિત દિપકકુમાર દિક્ષીત, મુ. અમદાવાદ. હાલ મુંબઈ, સંપર્ક : ફોન : ૦૨૬૪૨-૨૩૩૨૦૭, મો. ૭૬૦૦૦૧૨૨૫૮, ૭૬૦૦૦૧૮૬૫૮, જ.તા. ૨૪-૭-૧૯૮૮, ઉંચાઈ ૫'૭'' વજન ૬૨ કિલો, અભ્યાસઃ બી.ઈ. (ઈસી), એમબીએ, નોકરી : મલ્ટી નેશનલ કંપની, એક બહેન (પરિણીત)

૨૧. પંડ્યા દર્શન જીતેન્દ્રભાઈ, સરનામું : 'દર્શન', શાંતિનિકેતન રેસીડેન્સી, તિરુપતિ ટેનામેન્ટ-૨, આલાપ ગ્રીન સીટી પાસે, રૈયારોડ, રાજકોટ. મો. ૯૯૭૯૨૧૬૧૮૨, ૯૪૨૭૭૭૭૨૬૭, જ.તા. ૪-૧૦-૧૯૯૦, જ.સમય : ૫.૦૦ સવાર, જ.સ્થળ : શિહોર, ભાવનગર ગોત્રઃ અત્રી, અભ્યાસ : ધો. ૧૨, વ્યવસાય : બિલ્ડીંગ મટીરીયલ, આવક : માસિક રૂા. ૨૫૦૦૦/-

૨૨. ચિરાગ કૌશિક્ભાઈ વ્યાસ, સરનામું : એફ-૩૦૨, સાતત્ય એવન્યુ, આશ્રય પ્લેટીનાની સામે, ન્યુ રાણીપ, અમદાવાદ. જ.તા. ૧૨-૫-૧૯૮૮, અભ્યાસ : ધો. ૧૦ પાસ, ઉંચાઈ : ૫'૬'', વ્યવસાય સર્વિસ, પગાર : રૂા.૧૫૦૦૦/-


શુભેચ્છા સહ

**સેફ ગાર્ડ સીક્યોરીટી**

**શ્રી ભવ્યાંગ હરિકૃષ્ણભાઈ મહેતા**

**૨૬/એ, ગોપાલકુંજ સોસાયટી, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.**

**ફોન : ૨૫૪૬૨૩૭૨, મો. ૯૮૭૯૭૬૨૩૭૨**

**શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ**



**SAI FINANCIAL SERVICES**

**SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.**



401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.

Phone : (O) 079-65219173 (M) 98250 24877

# નારી સશકિતકરણ યોજના

આંતર રાષ્ટ્રીય મહિલા દિને નારી શકિતને વંદન. ગુજરાત રાજ્યના મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલએ આ વર્ષે બજેટમાં ૧૦૦% મહિલા લક્ષી ૧૩૬ યોજનાઓ માટે કુલ રૂપિયા ૫૦૫૮૫ કરો ફાળવેલ છે. આપણા સમાજની બહેનો તેમને અનુકૂળ હોય તે યોજનાંા જોડાઈને તેનો લાભ લઈ શકે તે હેતુથી અત્રે કેટલીક ઉપયોગી માહિતી આપેલ છે.

(૧) ગામમાં માધ્યમિક શાળા ના હોય તેના કારણે બહારગામની શાળામાં ભણતી ૯માં ધોરણની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવશે. (૨) જેવી ભારત સરકારની ઉચ્ચ સેવાઓમાં ભરતી માટેની પરીક્ષામાં પ્રિલીમનરી પરીક્ષા પાસ કરે તેવી યુવતીઓ માટે અનુક્રમે ૫૦૦૦૦ અને ૩૦૦૦૦ ની સહાયની યોજના છે. આ લાભ તમામ વર્ગની યુવતીઓને લાગુ પડશે.

**મહિલાનું આર્થિક સશકિતકરણ :** (૧) મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે - દૂધ ઘર માટે ૩૦૦ ચો.વા. જમીન તથા બાંધકામ માટે રૂા. ૫.૦૦ લાખની મર્યાદામાં ૫૦ ટકા સુધીની સહાય (૨) દૂધ ઘર માટે જરૂરી ઓટોમેટીક સાધનો માટે મહત્તમ ૯.૭૦ લાખની મર્યાદામાં ૮૦% સધીની સહાય. ના-બાર્ડ લોન યોજના હેઠળ દૂધાળા પશુ ખરીદી કરવા મહિલા પશુપાલક સભ્યને બેંક લોનની ઉપર ત્રણ વર્ષ માટે ૫%ની વ્યાજ સહાય. બેંક લોનના હપ્તાની સમયસર ચુકવણી ઉપર ત્રણ વર્ષ માટે ત્રણ ટકા વધારાની સહાય. મિલ્કીંગ મશીન વસાવવા માટે મહત્તમ રૂા. ૩૩૭૫૦/- તથા ચાફ કટર માટે મહત્તમ રૂા. ૧૫૦૦૦/- ની મર્યાદામાં ૭૫% સુધીની સહાય. પશુનો વિમો ઉતારવામાં આવે તો પ્રિમીયમ ઉપર રૂા. ૫૦૦/- ની મર્યાદામાં ૩૩ ટકા સહાય.

**મહિલાઓનું આરોગ્ય અને પોષણ :** રૂા. ૧,૨૦,૦૦૦ થી ઓછી વાર્ષિક આવક ધરાવતા કુટુંબોની મહિલાઓને અને ૨૧ વર્ષ સુધીની ઉંમરના સંતાનોને મફત સારવાર. ગરીબ મહિલાઓ સગર્ભાવસ્થામાં અને પ્રસુતિ બાદ પૌષ્ટીક આહાર લઈ શકે તે માટે આવી દરેક મહિલાને રૂા. ૬૦૦૦/-ની સહાય કરવામાં આવે છે.

રાજ્ય કક્ષાએ સૌથી શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર બહેનને રૂા. ૫૧૦૦૦/- તથા તેડાગર બહેનને રૂા. ૩૧૦૦૦/- નું રોકડ ઈનામ આપવામાં આવે છે. જીલ્લા કક્ષાએ પ્રથમ આવનાર આંગણવાડી કાર્યકર બહેનને રૂા. ૩૧૦૦૦/- અને તેડાગર બહેનને રૂા. ૨૧૦૦૦/-નું રોકડ ઈનામ આપવામાં આવે છે. ઘટક કક્ષાએ અનુક્રમે રૂા. ૨૧૦૦૦/- અને રૂા. ૧૧૦૦૦/-નું રોકડ ઈનામ અપાય છે. મહિલા સશકિતકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થાને રાજ્ય સરકાર રૂા. ૧ લાખે રોકડ રકમ આપશે, તે જ રીતે મહિલા સામાજીક કાર્યકરને પણ તેની ઉત્કૃષ્ટ કામગીરી માટે વ્યક્તિગત પુરસ્કાર રૂા. ૫૦૦૦૦/- ની રોકડ રકમ અને પ્રશસ્તિપત્ર આપી જાહેરમાં સન્માનીત કરવામાં આવશે. ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા દરેક પ્રકારની કાનુની સલાહ તથા એન.આર.આઈ. સેલની રચના કરવામાં આવેલ છે. મહિલા હેલ્પલાઈન ચાલુ કરવામાં આવેલ છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ છે.

**૧૮ થી ૪૦ વર્ષની વય સુધીની નિરાધાર વિધવા બહેનોને દર માસે રૂા. ૭૫૦/- અને આધારિત બાળક દીઠ રૂા. ૧૦૦/- મુજબ પેન્શન આપવામાં આવે છે. આવી બહેનોને તાલીમ દ્વારા કોમ્પ્યુટર ટ્રેનીંગ, એમ્બ્રોઈડરી, સીલાઈ કામ, બ્યુટીપાર્લર વગેરે શીખવવામાં આવે છે. તાલીમ બાદ રૂા. ૫૦૦૦/- ની રોકડ સહાય અને સીલાઈ મશીન માટે રૂા. ૬૦૦૦/- તેમજ સ્વરોજગાર માટે રૂા. ૫૦૦૦/- ની લોન સહાય આપવામાં આવે છે. વિધવા મહિલા જુથ વિમા યોજના અંતર્ગત રાજ્ય સરકાર પ્રિમીયમ ભરે છે અને વિધવા મહિલાના અકસ્માત બાદ તેમના સંતાનોને રૂા. ૧ લાખ સુધીનું વળતર આપવામાં આવે છે.**

**ઘરદીવડા યોજના :** જેમના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩૬૦૦૦/- હોય અને ૧૮ થી ૫૦ વર્ષની મહિલાઓને આર્થીક સહાય રૂપે રૂા. ૫૦૦૦૦/- ની મર્યાદામાં બેંકો દ્વારા લોન આપવા માટે સરકારશ્રી ભલામણ કરે છે.

દર વર્ષે 'આંતર રાષ્ટ્રીય મહિલા દિન' ૮મી માર્ચના દિવસે 'નારી ગૌરવ દિન' તરીકે ઉજવવામાં આવે છે. જરૂરીયાતમંદ મહિલાઓને રોજગાર લક્ષી તાલીમ આપવામાં આવે છે અને તે દરમ્યાન રૂા. ૧૦૦૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

**સંપર્ક માહિતી : વધુ માહિતી માટે નીચે મુજબ સંપર્ક કરી શકાય.**

(૧) કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર : ૦૭૯-૨૩૨૫૧૭૧૯

(૨) નિયામકશ્રી, સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ, ગાંધીનગર : ૦૭૯-૨૩૨૫૩૩૦૫

(૩) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર : ૦૭૯-૨૩૨૫૧૬૦૪

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર : ૦૭૯-૨૩૨૫૬૩૦૯, ૨૩૨૫૬૩૧૯

(૫) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર : ૦૭૯-૨૩૨૩૦૭૧૩

-સંકલન, તંત્રીશ્રી નરહરિ વ્યાસ

Permitted to post at Ahd PSO on 5th of every month • Valid up to 31 Dec. 2017

## શ્રી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

| | | |
|---|---|---|
| (૧) | પ્રકાશકનું સ્થળ | : ૧૬, જગદીશ સોસાયટી, સીટીએમ ચાર રસ્તા, અમરાઈવાડી, અમદાવાદ. |
| (૨) | પ્રકાશનની સામાયિકતા | : માસિક |
| (૩) | મુદ્રકનું નામ | : શ્રી નરહરીપ્રસાદ ટી. વ્યાસ |
| (૪) | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| (૫) | સરનામું | : ઉપર મુજબ |
| | તંત્રીનું નામ | : શ્રી નરહરીપ્રસાદ ટી. વ્યાસ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| (૬) | માસિકના માલિક | : શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ - ટ્રસ્ટીઓ, અમદાવાદ. |
| | સરનામું | : 'કૃષ્ણનિવાસ', સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કુલ સામે, ફતેહનગર, પાલડી, અમદાવાદ. |

## ટ્રસ્ટીઓના નામ

શ્રી રાજેન્દ્રભાઈ એમ. મહેતા　　શ્રી ચેતનકુમાર કે. વ્યાસ　　શ્રી દિલીપભાઈ કે. જોષી

શ્રી પ્રવિણભાઈ એચ. પંડયા　　શ્રી સુધાકરભાઈ કે. ભટ્ટ

**હું શ્રી નરહરિપ્રસાદ ટી. વ્યાસ આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.**

**- તંત્રી શ્રી નરહરિપ્રસાદ ટી. વ્યાસ**

વા.વર્તમાન પ્રકાશન સમિતિની મીટીંગ ૨૦-૩-૨૦૧૬, રવિવાર ના રોજ બપોરે ૪ વાગે તથા હોદ્દેદારોની મિટીંગ બપોરે ૩ વાગે રાખેલ છે.

**તંત્રી-મુદ્રક-પ્રકાશક** : શ્રી નરહરિપ્રસાદ ત્રિભુવનદાસ વ્યાસ, ૧૬, જગદીશ સોસાયટી, સી.ટી.એમ., રામોલ રોડ, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬. મો. ૯૪૨૭૬૧૪૦૦૫

**નાણાંકીય વ્યવહાર** : ખજાનચી, શ્રી કૌશિકભાઈ જી. આચાર્ય, ૧૨/૧, સંગઠન સોસા., સરકારી વસાહત પાછળ, ડ્રાઈવઈન રોડ, થલતેજ, અમદાવાદ-૫૨. ફોન : ૦૭૯-૨૭૯૧૨૯૬૮

**મંત્રી** : જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ, બી-૪૦૪, સુકિર્તી એલીગન્સ, વ્રજવિહાર-૨ ની બાજુમાં, સ્ટાર બજાર સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

**માલિક** : શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, 'કૃષ્ણનિવાસ', સી/૮, પ્રાર્થના ફ્લેટ, અંકુર સ્કૂલ સામેના ખાંચામાં, ફતેહનગર, પાલડી, અમદાવાદ-૭. (પત્રવ્યવહારનું સરનામું) ફોન : ૦૭૯-૨૬૬૩૦૪૪૯

મુદ્રણ સ્થાન : ફર્સ્ટ આઈકોન પ્રિન્ટર્સ, ૪૧૩/૮, અલકા શોપિંગ સેન્ટર, શાહેઆલમ ટોલનાકા, અમદાવાદ-૨૨.

**ખાસ નોંધ :** મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી મેટરો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - **તંત્રી**